# ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનું અલગ મેરિટ બનાવો

## નીટ મુદ્દે ગુજરાતી માધ્યમના વાલીઓની શિક્ષણમંત્રીને રજૂઆત : શિક્ષણમંત્રીએ અદાલતમાં વિદ્યાર્થીઓના હિતમાં રજૂઆત કરવાની બાંહેધરી આપી

ગાંધીનગર, તા. ૪

મેડીકલ તથા ડેન્ટલના અભ્યાસ માટે ફરજિયાત બનાવાયેલ નીટની પરીક્ષામાં અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્ર કરતા ગુજરાતી માધ્યમનું પ્રશ્નપત્ર ખૂબ જ અઘરૂ અને નિયત સમયમર્યાદામાં પુરૂ કરવા માટે મુશ્કેલભર્યું હોવાને કારણે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાના મુદ્દે રાજ્યના વાલીઓનુ એક મંડળ આજે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળવા આવ્યુ હતુ. વાલી મંડળે શિક્ષણમંત્રીને મળીને આવેદનપત્ર આપવા સાથે રજૂઆત કરતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમને સમગ્ર મામલો કોર્ટમાં હોવાથી સરકાર આ મામલે વિદ્યાર્થીઓના હિતમાં પોતાનો પક્ષ અદાલતમાં રજૂ કરી રહી હોવાની હૈયાધારણ આપી હતી.

### એક જ મેરિટ ગુજરાતી માધ્યમ માટે ખતરારૂપ

નીટ-૨૦૧૭માં ગુજરાતમાંથી આશરે ૭૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા તેમાંથી આશરે ૪૭૫૦૦ જેટલા ગુજરાતી માધ્યમના અને આશરે ૨૨૫૦૦ જેટલા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ હતા. રાજ્યમાં મેડીકલમાં આશરે ૩૫૦૦ બેઠકો છે જેમાંથી ઓલ ઈન્ડિયા ક્વોટાની ૧૫ ટકા મુજબની બેઠકો બાદ કરતા ૩૦૦૦ જેટલી બેઠકો વધે. હવે જો ગુજરાતી-અંગ્રેજી બંને માધ્યમનુ એક જ મેરિટ બનશે તો ગુજરાતી માધ્યમના માંડ ૫૦૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે તેવી શક્યતા હોવાથી ગુજરાતી માધ્યમને અન્યાય થવા સાથે તેના ભવિષ્ય માટે પણ ખતરો છે.

### વન નેશન-વન એક્ઝામનો સિદ્ધાંત જળવાયો નથી

કેન્દ્ર સરકારે નીટને ફરજિયાત બનાવી ત્યારે 'વન નેશન-વન એક્ઝામ'નુ ધારાધોરણ પ્રસ્થાપિત કર્યુ હતુ. પરંતુ પરીક્ષા લેવાઈ ત્યારે ગુજરાતી માધ્યમનુ પ્રશ્નપત્ર અંગ્રેજી માધ્યમના ભાષાંતર મુજબ હોવાને બદલે અલગ જ પ્રશ્નો ધરાવતુ હતુ જે અઘરૂ હોવા સાથે બહુ લાંબુ હોવાનો વિદ્યાર્થીઓનો આક્ષેપ છે. જો આમ હોય તો 'વન નેશન -વન એક્ઝામનો સિદ્ધાંત જળવાયો ના હોવાથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાય થયો ગણાય.

કેન્દ્ર સરકાર દ્વારા મેડીકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે નેશનલ ઈલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-નીટને ફરજિયાત કરતા ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં તનતોડ મહેનત કરીને ઉચ્ચગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ફરી એકવાર નવેસરથી મહેનત કરવાની આવી હતી. વળી, એમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે સીબીએસઈ કોર્સમાં થોડો ઘણો ફેરફાર હોવાથી માત્ર ૩ થી ૬ માસના ટુંકાગાળામાં નીટની પરીક્ષાની તૈયારી કરવી એ કપરૂ કાર્ય હતુ છતાં વિદ્યાર્થીઓએ તે મને-કમને કરવુ પડ્યું હતું તેવુ રાજકોટથી આવેલા વાલી રેખાબેને જણાવ્યું હતું. તેમણે સરકારની નીટ' માટેની પૂર્વશરત 'વનનેશન વન એક્ઝામ'નો પણ ભંગ થયો હોવાના આક્ષેપ સાથે જણાવ્યુ હતુ કે હકીકતમાં ભાષા ભલે ગમે તે હોય પણ પ્રશ્નપત્ર એકસરખુ હોવુ જોઈએ તેના બદલે ગુજરાતી માધ્યમનુ પ્રશ્નપત્ર અલગ અને વધુ અઘરૂ હોવા ઉપરાંત નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવુ અશક્ય હોવાથી વિદ્યાર્થીઓને અન્યાય થયો છે.

રાજકોટથી આવેલા વધુ એક વાલી હિતેષભાઈ લીંબાવતે જણાવ્યું હતું કે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું મેરિટ અલગ બનાવી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય તો વિદ્યાર્થીઓને ન્યાય મળી શકે. રાજ્ય સરકારે આ બાબતે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ન્યાય અપાવવો જોઈએ. સાબરકાંઠાના તલોદથી આવેલા વાલી નિકુંજ શાહે જણાવ્યું હતું કે 'જો ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું મેરિટ અલગ નહી બનાવાય તો ગુજરાતી માધ્યમના જુજ વિદ્યાર્થીઓ જ પ્રવેશને પાત્ર બનશે. જેના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થવા ઉપરાંત આગામી સમયમાં ગુજરાતી માધ્યમ તથા ગુજરાતી ભાષાના ભવિષ્યને પણ ખતરો પેદા થશે.'




# શહેરમાં ટામેટાનો ભાવમાં ધરખમ વધારો

ગાંધીનગર જિલ્લામાં વરસાદની સિઝનનો પ્રારંભ થતા જ શાકભાજીના ભાવમાં ભડકો થયો છે. માત્ર બે સપ્તાહમાં વિવિધ શાકભાજીના ભાવમાં બે થી ત્રણ ગણો ભાવ વધારો જોવા મળ્યો છે.



ત્યારે સ્વાદિષ્ટ અને લાલ ચટાકેદાર ટામેટાનો ભાવ માત્ર બે દિવસમાં આસમાનને આંબે છે. અઠવાડીયા અગાઉ ટામેટા રૂ.૩૦ થી ૪૦ ના ભાવે કિલો વેચાણ થતા હતા તેની સામે અત્યારે હાલ ટામેટાનો ભાવ ૧ કિલોના રૂ.૮૦ છે. ટામેટાના ભાવ આસમાનને આંબતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. જયારે લાલ ચટાકેદાર ખટ્ટા-મીઠા ટામેટાનો ભાવ સાંભળતા જ ગૃહિણીઓના હોંશ ઉડી જાય છે.

ચોમાસાની સિઝનમાં વિવિધ શાકભાજીનો ભાવ આસમાનને આંબે છે તેની સાથે જ ટામેટા તેમજ મરચાનો ભાવમાં પણ તોંતિગ વધારો ઝીંકાયો છે. સામાન્ય દિવસોમાં રૂ.૨૦થી ૩૦ ના કિલોના ભાવે વેચાતા ટામેટા અત્યારે હાલના સમયે બે ગણા ભાવમાં વેચાઈ રહ્યા છે. આ અંગે સેકટર-૨૪ ના વેપારીના જણાવ્યા મુજબ ખાસ કરીને ટામેટા મહારાષ્ટ્ર તેમજ ડાકોર, ડભોઈ, સાબરકાંઠા,સહિતના સ્થળો પરથી બજારમાં વેચાણ માટે આવે છે. પરંતુ ચોમાસાની સિઝનમાં ટામેટા પર વરસાદી પાણી પડવાથી ટામેટું પાણી છોડી દે છે. જેને પગેલ ટામેટુ પોચું પડી જાય છે જેને પગેલ પાકના ઉતારામાં ફરક પડે છે. ચોમાસામાં ઓછા પાકને પગલે ભાવ વધે છે તો બીજી તરફ મહારાષ્ટ્ર તરફથી આવતા ટામેટાની આવક પણ ઓછી હોવાથી બજારમાં ટામેટાની અછત સર્જાય છે. જેથી લાલ ચટાકેદાર ટામેટાના ભાવમાં તેજી જોવા મળી રહી છે. આ તેજી આગામી થોડા સમય સુધી ટકેલી રહેશે તેમ વેપારીઓનું માનવુ છે.

# આગામી ત્રણ રવિવાર મતદાન મથકો પર મતદારયાદી સુધારણા ઝુંબેશ

ગાંધીનગર, તા.૪

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૯, ૧૬ અને ૨૩ જુલાઈના રવિવારના રોજ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ જિલ્લાના નક્કી થયેલા તમામ મતદાન મથકો પર સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમ્યાન યોજાશે, તેવું કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સતીશ પટેલે જણાવ્યું છે.

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સતીશ પટેલની અધ્યક્ષતામાં સેકટર ઓફિસરોની બેઠક તા. ૩ જુલાઈ, ૨૦૧૭ના રોજ મળી હતી. આ બેઠક જિલ્લા ચૂંટણી અધિકારી સતીશ પટેલે જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૦૧/૦૧/૨૦૧૭ની લાયકાતની તારીખ સંદર્ભમાં રાજયની તમામ વિધાનસભા મત વિભાગની મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા માટે કાર્યક્રમનું આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧ થી ૩૧મી જુલાઈ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના મતદાર યાદીમાં સમાવિષ્ટ મતદારો તેઓના નામ જોઈ શકશે. તેમજ નામ રહેલી ભૂલો, સરનામા, જાતિ, ઉંમર, ફોટોગ્રાફ વગેરેમાં સુધારવા માટે જરૂરી ફોર્મ ભરીને સબંધિત મતદાર નોંધણી અધિકારી અથવા મદદનીશ મતદાર નોંધણી અધિકારી કે વિસ્તારના બીએલઓને રજૂ કરી શકશે.

તે ઉપરાંત આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ ઉપસ્થિત જિલ્લાના સેકટર ઓફિસરોને મહત્વની સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતુ.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કર, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, કલોલ પ્રાંત અધિકારી કે.વી.ભાલોડિયા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુમ થયેલા ૪ વર્ષના બાળકનું પોલીસે પિતા સાથે મિલન કરાવ્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ક-૭ માર્ગ પાસે તાજેતરમાં સેકટર-૨૧ પોલીસને ૪ વર્ષિય બાળક મળી આવ્યું હતું. જે બાળકે લાલ કલરનું ટીશર્ટ અને પેન્ટ પહેર્યું હતું. આ બાળક પોતાનું નામ આકાશ તેમજ તે માત્ર હિન્દી ભાષા બોલતો હતો. તેમજ પોલીસે પુછપરછ કરતા તેને પોતાના પિતા ઈસ્ત્રી કામ કરતા હોવાનું કાલી ઘેલી ભાષામાં જણાવ્યું હતું. પોલીસે તાત્કાલીક આસપાસના સેકટરમાં ઈસ્ત્રી કામ કરતા પરપ્રાંતિય યુવકોની તપાસ કરતા આ છોકરો સે-૨૬ ગ્રીનસીટી ખાતે ઈસ્ત્રીનો ગલ્લો ચલાવતા સોનુભાઈ ભુલ્લુભાઈ કનોજીયાનો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ બાળકના પિતાનો સંપર્ક કરતા તેઓ આદિવાડા ખાતે ભાડાના મકાનમાં રહે છે અને સે-૨૬ ખાતે ઈસ્ત્રીકામનો ધંધો કરે છે. બાળકનું મુળ વતન ગામ-રાણપુર, જી-ગોરખપુર યુ.પી. હોવાનું જાણવા મળ્યું હતું. બાળક કેવી રીતે ક-૭ પહોંચ્યા તેની તપાસ કરતા પોલીસને તેના પિતાએ જણાવ્યું હતું કે બાળક સે-૨૭ની સરકારી શાળામાં બાલમંદિરનો અભ્યાસ કરે છે. તેમજ સવારે ૧૦ કલાકે શાળાએ મુક્યા બાદ ૧૧ વાગ્યાના અરસામાં શાળાના કેમ્પસમાંથી દોડીને બહાર જતો રહ્યો હતો.



શાળા પરિવારને અન્ય વિદ્યાર્થીઓએ જાણ કરતા શોધખોળ આદરી હતી પરંતુ ન મળતા તાત્કાલીક તેના પિતાને ફોન કરીને જાણ કરી હતી. બાળકના પિતાએ પણ પરિવાર સાથે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ તે ક્યાંય મળી આવેલ નહી. તેમ પોલીસને હકીકત જણાવતા પોલીસે બાળકને પોતાના પિતા અને પરિવાર સાથે ભારે જહેમત બાદ સે-૨૧ પીએસઆઈ બી.જી.યાદવે મિલન કરાવ્યું હતું. બાળક અને તેના માતા-પિતા મળતા વળગી પડતા પોલીસ સ્ટેશનમાં હાજર સૌ ની આંખમાં હરખના આંસુ આવી ગયા હતા. જયારે બાળક મળી આવતા બાળકના પિતાએ પણ પોલીસ કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.



ગોરમાનો વર તો કેસરીયો : ભારતીય સંસ્કૃતિમાં કન્યાઓએ અનેક વ્રતો કરવાના હોય છે. સારા પતિ માટે, સારા ઘર માટે, સુમેળભર્યા સાસરીયા માટે કન્યાઓ વ્રત અને તપ કરતી હોય છે. વ્રતનો પ્રારંભ બાળપણથી જ થાય છે. બાલ્યાવસ્થામાં ગૌરીવ્રતથી જીવનને સંયમિત પાઠ શીખવાડાય છે. નાનીકડી કન્યાઓ ગોરમાની પૂજા કરી મોળું ખાય છે. મંગળવારે વહેલી સવારથી આરંભાતા ગૌરીવ્રતની પૂજા કરતી બાળકન્યાઓની તસવીર.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




દર મહિને પાંચ હજાર ઘર ખર્ચ માટે આપો છો તેમાં આ મહિને ૨૮ ટકા ઊમેરીને આપવા પડશે... શું સમજ્યા?

## મહાનગર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચા સંગઠ્ઠનના વિવિધ હોદ્દેદારોની વરણી આજે કરવામાં આવી છે. શહેર ભાજપ મહિલા મોરચાની નવી પાંખની રચના અંગે આજે પ્રમુખ મણિબેન દેસાઈ અને મહેન્દ્ર પટેલ દ્વારા વિધિવત્ ઘોષણા કરવામાં આવી છે. જેમાં બે ઉપપ્રમુખ, બે મહામંત્રી, બે મંત્રી અને કોષાધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે. મહિલા મોરચાના ઉપાધ્યક્ષ તરીકે પૂર્વ કાઉન્સીલરો શ્રીમતિ પરાગીબેન પંડ્યા અને શ્રીમતિ રમીલાબેન પરમારની નિયુક્તી કરાઈ છે. મહામંત્રી તરીકે શ્રીમતિ ભાવનાબેન પાઠક અને શ્રીમતિ વનીતાબેન પટેલ મંત્રી તરીકે, શ્રીમતિ પીનાબેન ગરાસિયા અને શ્રીમતિ કંકુબેન ખાંટની તથા કોષાધ્યક્ષ તરીકે શ્રીમતિ પ્રભાબેન ધૃવની નિયુક્તી કરવામાં આવી છે.

## વાહન વ્યવહાર કચેરીના પીઆરઓનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગરમાં જુના સચિવાલય ખાતે વાહન વ્યવહાર કમિશનર કચેરીમાં જન સંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા રમેશભાઈ ખેંગારભાઈ પરમાર વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમનો તા. ૧લી જુલાઈના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદાય સમારંભમાં કચેરીના અદિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમનું ફુલહાર અને સ્મૃતિ ચિહ્ન સાથે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિકારીઓ તથા સહકર્મચારીઓએ તેમની કાર્યશૈલીના વખાણ કરતા તેમની કુનેહ અને મિલનસાર સ્વભાવને બિરદાવ્યા હતા.



વિદાય સમારંભમાં ખાસ ફરજ પરના અધિકારીઓ એ.બી. પરમાર તથા જે.એન. વાઘેલા, મોટર વાહન પ્રોસીક્યુટર સંજય પંડયા, રહસ્ય સચિવ પાલવા, સહાયક વાહન વ્યવહાર નિયામક એ.આર. યાદવ, પીઆરઓ પ્રવિણભાઈ ખરસરીયા સહિત સહ કર્મચારીઓ તથા આર.કે. પરમારના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ખાનગી એજન્સી નિયમોનું પાલન કરે છે કે નહી તેનું સર્ટીફિકેટ છેલ્લા દોઢ વર્ષથી તૈયાર થયું નથી...!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત ખાનગી એજન્સીઓ નિતી નિયમો હેઠળ કામ કરે છે કે નહી, તેનું સર્ટીફિકેટ સિવિલ સર્જને આરોગ્ય કમિશનરની કચેરી ખાતે દરમાસે જમા કરાવવાનું હોય છે. પરંતુ છેલ્લા દોઢ વર્ષથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબિબિ અધિક્ષક દ્વારા આ સર્ટીફિકેટ તૈયાર કરવામાં આવ્યું નથી અને આરોગ્ય કમિશનરની કચેરી ખાતે જમા કરાવવામાં આવ્યું નથી. ત્યારે આ સર્ટીફિકેટ જમા કરાવવા અંગે અનેકવાર આરોગ્ય વિભાગની અરજી પણ હોસ્પિટલ તંત્ર પર આવી ગઈ છે. છતા આ અરજીની તંત્ર દ્વારા કોઈ પરવા કરવામાં ન આવતા તંત્રના ઉચ્ચ અધિકારીઓમાં પણ છુપો રોષ ફેલાયો છે.

સમગ્ર રાજયની હોસ્પિટલમાં કાર્યરત ખાનગી એજન્સીઓ નિયમનું પાલન કરે છે કે નહીં તે સિવિલ સર્જને તપાસીને આરોગ્ય કમિશનરની કચેરી ખાતે દરમાસની ૨૦મી તારીખ સુધી જમા કરાવાનું હોય છે. જેમાં સિવિલ સર્જન દ્વારા કામ કરતા કર્મચારીઓ ડ્રેસ પહેરે છે, આઈકાર્ડ લટકાવેલ છે, શૈક્ષણિક લાયકાત, બાયોમેટ્રીકની સુવિધા, પોલીસ વેરીફિકેશન, કર્મચારીઓને લઘુત્તમ વેતન ધારા મુજબ પગાર મળે છે, કર્મચારીઓનું સેલેરી એકાઉન્ટ છે તેમજ પીએફ અને ઈએસઆઈની કપાત થાય છે અને તેમના ખાતામાં જમા થાય છે, પગાર સ્લીપ સબાંધિત એજન્સી દ્વારા આપવામાં આવે છે કેમ કે ઉપરોક્ત તમામ મુદ્દાઓની હોસ્પિટલના તબિબિ અધિક્ષકે જાત તપાસ કરીને આઉટસોર્સિંગ પાલન અંગેનું સર્ટીફિકેટ રાજયના આરોગ્ય કમિશનરની કચેરી જીવરાજ મહેતા ભવન બ્લોક નં-૫ બીજા માળે જમા કરાવાનું હોય છે. પરંતુ પાટનગરની હોસ્પિટલથી ગણતરીની મિનિટોમાં આરોગ્ય કમિશનરની કચેરી હોવા છતા દોઢ વર્ષ જેટલા અંદાજીત સમયથી આ પ્રમાણપત્ર સિવિલના તબિબિ અધિક્ષક તરફથી તૈયાર થયું નથી અને કમિશનર કચેરી ખાતે જમા પણ થયું નથી. જેથી ઉચ્ચ અધિકારીઓમાં પણ આ અંગે છુપો રોષ ફેલાયો છે તેમ સિવિલના અંતરંગ સુત્રો તરફથી જાણવા મળ્યું છે.



## ચિલોડા પંથકમાં મેઘરાજાની મહેરથી ખેડૂતો ગેલમાં

તાલુકાના પૂર્વ વિસ્તારમાં ધીમીધારે હળવા-મધ્યમ મેઘરાજાની એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરવા પામી હતી. ખેતરોમાં વાવણી અને ખેતીલાયક વરસાદ વરસતાં મગફળી-કપાસ તથા શાકભાજીના ઉભા પાક માટે આશીર્વાદરૂપ બન્યો છે. છેલ્લા બે દિવસથી સતત ધીમીધારે હળવા અને મધ્યમ ઝાપટારૂપી વરસાદ ખેતી માટે સર્વોત્તમ રીતે મેઘરાજાના આગમથી ખેડૂતોના ચહેરા પર અતિ ખુશી લાવી દીધી છે. ધીમીધારે મેઘ પધરામણીથી ખેડૂતો અને વેપારીઓમાં અગાઉ ઉકળાટ અને ગરમીમાંથી છૂટકારો મળતાં સૌના હૈયે ટાઢક વળતાં આનંદવિભોર બન્યા છે. પિયત ખેતરોમાં કાચા સોના સમાન વરસાદથી પાણી પાણીથી જમીન અને પાકને અનુકુળતા મુજબ મેઘ વરસતાં રાહતનો અનુભવ થવા પામ્યો છે. હવે એક અઠવાડિયા સુધી મેઘરાજા ખમૈયા કરે તેવા આજીજી ખેડૂતો કરી રહ્યા છે. વાવણીલાયક વરસાદથી ખેડૂતો વરાપ નીકળ્યા બાદ વાવેતરનો પુરજોશમાં તૈયારી કરી રહ્યા છે. ભેજયુક્ત જમીનમાં ડાંગર-દિવેલા તથા જુવારનુ વાવેતર સમયસર થશે તેવુ ખેડૂતો જણાવી રહ્યા છે.